

ઈન્ફોસિટી સ્કૂલ દ્વારા જગતજનની મા અંબાની આરાધનાના ઉત્સવ નવરાત્રીની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. ધોરણ-૬થી ૧૨ના અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના તમામ વિદ્યાર્થીઓ, મેનેજિંગ ટ્રસ્ટી દલસાણીયાસર, ટ્રસ્ટી ઉષાબેન, પ્રમુખ વૈષ્ણવસર, ટ્રસ્ટી ભાવનાબેન, પ્રિન્સિપાલ અમિતાબેન અને પ્રવીણાબેન, સંયોજક રાહુલભાઈ, સુપરવાઈઝર દિપ્તીબેન અને તમામ સ્ટાફ, શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ગરબે ઘૂમીને મા અંબા પરત્વે પોતાની ભક્તિ-ભાવના અભિવ્યક્ત કરી હતી.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# શ્રી જે બી પ્રાથમિક શાળામાં યોજાયો પ્લાસ્ટિક કચરા અંગે જાગૃતિ કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૮

પ્લાસ્ટિક માનવજાત માટે ખૂબ જ નુકસાનકારક છે અને તેટલું જ પર્યાવરણ માટે નુકસાનકારક છે. પ્લાસ્ટિકના બેફામ વપરાશના કારણે દરિયાઈ જીવ સૃષ્ટિ, જમીન, પ્રાણીઓ વગેરેને પારાવાર નુકસાન થાય છે, જેના પર નિયંત્રણ લાવવા માટે એક જ વખત વપરાશમાં લેવાતા પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ત્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટરના ઉપક્રમે પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપન અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડના પૂર્વ જનસંપર્ક અધિકારી નરેશભાઈ ઠાકર અનો નિસર્ગ સૅન્ટરના સંચાલક અનિલભાઈ પટેલે કચરાના વ્યવસ્થાપનના નિયમો અંગે જાણકારી આપી હતી. વિદ્યાર્થીઓએ ગમે ત્યાં કચરો ન ફેંકવાની તથા નાગરિકોને આ અંગે જાગૃત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

### શ્રીમતી આર જી પટેલ સ્કૂલ ખાતે સમાજ કલ્યાણ વિભાગના ઉપક્રમે

# બક્ષીપંચની વિદ્યાર્થિનીઓને સાઈકલની ભેટ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા શાળા ખાતે બક્ષીપંચની વિદ્યાર્થિનીઓને સાઈકલની ભેટ ધરવામાં આવી હતી. સરકારના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા આ સાઈકલ વિદ્યાર્થિનીઓને ભેટ ધરવામાં આવી હતી.






ગાંધીનગર જિલ્લાકક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન તાજેતરમાં શ્રી ઍસ઼ ઍસ ચૌધરી સંકુલ, માણસા ખાતે યોજાયું હતું. જેમાં ભાગ લઈ આરાધના વિદ્યાવિહારના બાળ વૈજ્ઞાનિક શિવ પટેલ અને યુવરાજ ડામોરે વિજ્ઞાન શિક્ષકના માર્ગદર્શન હેઠળ 'ભવિષ્યમાં પરિવહન અને પ્રત્યાયન' વિભાગમાં 'રાત્રી વાહનચાલકના સાથીદારો' કૃતિ પ્રદર્શિત કરી હતી. કૃતિને જિલ્લાકક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો હતો અને તેની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી.



ગાંધીનગર, તા. ૮

૮૭મા એર ફોર્સ દિવસની ઉજવણી કરવા અને આદરણીય પ્રધાનમંત્રીના 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ'નાં સંદેશને ફેલાવવા ગાંધીનગરનાં સ્વાક મુખ્યાલયમાંથી એક સાયકલિંગ અભિયાનને લીલી ઝંડી આપવામાં આવી હતી, જે સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધી અભિયાન હાથ ધરાશે. ટીમને ૦૭ ઓક્ટોબરના રોજ ગાંધીનગરમાં સ્વાકના મુખ્યલયથી વહેલી સવારે લીલી ઝંડી આપવામાં આવી હતી. આ ટીમમાં સ્વાકનાં કાર્યક્ષેત્રમાં સામેલ વિવિધ એર બેઝમાંથી આશરે ૫૫ અધિકારીઓ સામેલ છે. આ ટીમનું નેતૃત્વ એર માર્શલ બી. આર. ક્રિષ્ના, સીનિયર એર સ્ટાફ ઓફિસર, સ્વાક મુખ્યાલય કરી રહ્યા છે. ટીમમાં ૨૫ થી ૫૭ વર્ષની વિવિધ વયજૂથના એર વોરિયર્સ, વિમેન ઓફિસર્સ અને પરિવારના સભ્યો સામેલ છે. ભારતીય વાયુદળ (આઈએએફ) વિવિધ સ્તરે પોતાના અધિકારીઓ માટે એડવેન્ચર એક્ટિવિટીને પ્રોત્સાહન આપે છે, જે કારણે તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ સિદ્ધિઓ હાંસલ કરી છે. એડવેન્ચર એક્ટિવિટીઝ દ્વારા આઈએએફએ કામરેડિયરની ગુણવત્તા, ટીમનો જુસ્સો અને સાહસ દર્શાવે છે તથા અન્ય લોકોને પ્રેરિત પણ કરે છે.

## જન્મદિને વધામણી



વેદાંશ ઉર્મિત જાની



અમી હરેશ ત્રિવેદી



પ્રિયંકા આર ચુડાસમા
મો. ૯૮૨૫૯ ૫૫૦૦૯



માયાબેન જે ચુડાસમા
મો. ૯૪૦૮૬ ૭૭૦૮૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આઈઆઈટી દ્વારા નવરાત્રી ઉત્સવની ઉજવણી કરાઈ







આઈઆઈટી ગાંધીનગર દ્વારા નવરાત્રીની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ફૅકલ્ટીઝ, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ સાથે મળીને કૅમ્પસમાં દિવ્ય વાતાવરણનું સર્જન કર્યું હતું, સાથે મળીને માતાજીની પૂજા-અર્ચના કરી હતી અને આ ઉજવણીને સાર્થક બનાવી હતી. ઉજવણી અંતર્ગત મહાઆરતીનું આયોજન પણ સંસ્થા ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૮ દીપની જ્યોત જગતજનનીને અર્પણ કરવામાં આવી હતી.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કન્યાપૂજન







શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા રાજસ્થાનની સરહદ પાસે સ્થિત ૪ વનવાસી શાળાઓમાં બાળાઓનું પૂજન કરવામાં આવ્યું હતું. કન્યાના પગ ધોઈ, કુમકુમથી પૂજા કરી પ્રત્યેક કન્યાને બંગડી, બક્કલ, ચાંદલાનું પૅકેટ એમ ૬ વસ્તુઓનું પૅકેટ બનાવી ભેટમાં આપવામાં આવ્યું હતું. તો છોકરાઓને દૂધ પીવા માટે મગ (મોટા કપ) ભેટમાં આપવામાં આવ્યા હતા. મોટા સમેરા, દોલપુર, લક્ષ્મણપુરા, પૂજારી ટીંબા સ્કૂલને આ ઉપક્રમ હેઠળ આવરી લેવામાં આવી હતી. આ ઉપરાંત એ પી ઢાકાર કન્યા ઉચ્ચતર માધ્યમિક સ્કૂલની ૨૨૦ જેટલી વિદ્યાર્થિનીઓને નવાં કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડૉ. સંગીતા ઘાટે, રક્ષા ગોહિલ અને સમિતિના કાર્યકર્તાઓ આ સેવાકાર્યોમાં જોડાયા હતા.